## સંક્ષિપ્ત સમાચાર

### નસવાડી તાલુકામાં સરકારની વિવિધ યોજનાઓની ઘેર-ઘેર માહિતી અપાઇ



**નસવાડી :** નસવાડી તાલુકામાં લોકસભાની ચૂંટણીની તૈયારીમાં ભાજપના કાર્યકરો ઘરે ઘરે જઈને કેન્દ્ર સરકારની વિવિધ યોજના ઓની માહિતી પૂરી પાડી રહ્યા છે નસવાડી તાલુકા પંચાયત મહિલા પ્રમુખ નસવાડી તાલુકાના આનંદપુરી ગામે ઘરે જઈને લોકો ને મળી યોજનાઓની જાણકારી આપી

### છોટાઉદેપુર તાલુકામાં સિવિલ હોસ્પિટલ ખાતે ટીબી રોગ અંગે જન જાગૃતિ ભવાઈ કાર્યક્રમ યોજાયો



**છોટાઉદેપુર :** છોટાઉદેપુર તાલુકા ના (૧) એસ. એન. કોલેજ, છોટાઉદેપુર અને (૨) સિવિલ હોસ્પિટલ ખાતે જિલ્લા ક્ષય કેન્દ્ર છોટાઉદેપુર તરફથી જય મોગલ યુવક મંડળ, તુરી (બારોટ) મુકેશભાઈ. આર. અને તેમની સમગ્ર ટિમ દ્વારા ભવાઈનો પ્રોગ્રામ કરેલ હતો. જેમાં ટીબી રોગ અંગે જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં માનનીય મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો.સી.બી. ચોબીસા સાહેબના અધ્યક્શ સ્થાને અને મા.જિલ્લા ક્ષય અધિકારી ડો.ભરતસિંહ ચૌહાણના માર્ગદ્રશન હેઠળ તાલુકા હેલ્થ અધિકારી ડો.મનહરભાઈ રાઠવા સાહેબના સહયોગથી ટીબી સુપરવાઇઝર મનહરભાઈ વણકર STS, અને પરેશભાઈ STLS આ ઉપરાંત પીએચસી ના મેડિકલ ઓફિસર ડોક્ટર ,એસ આઈ તેમજ સીએચઓ, મલ્ટીપર્પજ હેલ્થ વર્કર સ્ટાફનર્સ આશા વર્કર બહેનો તેમજ લેબ ટેક્નિશિયન અને લગભગ 3000 થી વધારે જનમેદની ઉપસ્થિત રહી તેમાં જનજાગ્રુતી અભિયાન અંતર્ગત ટીબી રોગ વિશે વિસ્તુઁત માહિતી ભવાઈ ની ટીમ દ્વારા આપવામાં આવી.

### નસવાડીના મુખ્ય માર્ગો ઉપર રામદેવ મંદિરના ૧૬મા પાટોત્સવને લઇ શોભાયાત્રા નીકળી



**નસવાડી :** નસવાડી ખાતે રામદેવ મંદિર રામદેવનગર પાસે આવેલું છે અને સોળમો પાટોત્સવ નિમિતે અનેક સંતો અને ગુરુ મહારાજોની હાજરીમાં શોભાયાત્રા નસવાડીના સ્ટેશન વિસ્તારમાં આવેલ શિવમંદિરે થી કાઢવામાં આવેલ હતી અને મુખ્ય માર્ગો ઉપર શોભાયાત્રા ફરી હતી અને મહિલાઓ ડીજેના તાલે ગરબાની રમઝટ બોલાવી હતી અને શોભાયાત્રામાં 3 કલરના ઘોડા બનાવામાં આવ્યા હતા અને રામદેવ પીર કોમી એકતા રાખતા હતા તમામ ધર્મના લોકો રામદેવ પીરના ભક્તો હતા અને તે ભાવનાને સાર્થક રાખવા માટે છેલ્લા 16 વર્ષ થી શોભાયાત્રા કાઢવામાં આવી હતી.

### લીમખેડાની તીર્થ ઇન્ટરનેશનલ સ્કૂલ ખાતે પપેટ શોનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું




**લીમખેડા :** તીર્થ ઇન્ટરનેશનલ સ્કૂલમાં પોપેટ શો નું આયોજન કરવામાં આવ્યું જેમાં અલગ અલગ વાર્તાઓને પોતાના પાત્રો બની ને ખૂબ જ રસપ્રદ રીતે પ્રસ્તુતિ આપવામાં આવી. વિદ્યાર્થીઓએ આ પાત્રો પ્રમાણે આખી વાર્તા ખુબ જ સુંદર રીતે રજૂ કરી.ધ લાયન એન્ડ ધ માઉસ, કોબ્લર થસ્ટી ક્રો વગેરે વાર્તાઓની પ્રસ્તુતિ કરવામાં આવી હતી.પપેટ શો ના માધ્યમથી વિદ્યાર્થીઓમાં સ્કિલ્સ નો વધારો થાય છે જેમાં ફાઈન મોટર અને ગ્રોસ મોટર સ્કિલ નો ખુબ જ સારો વિકાસ થાય છે આ પ્રવૃત્તિ નું સુંદર આયોજન શાળાના કોઓર્ડીનેટર ક્રિષ્ના ઝાલા રવિ મેડમ દીપ્તિ મેડમ અમિતા મેડમ દ્વારા કરવામાં આવ્યું હતું.

### લીમખેડાની આંતરસુબા પ્રા.શાળાના બાળકોએ બેગલેસ કાર્યક્રમ અંતર્ગત જૈવિક ખેતી વિશે માર્ગદર્શન



**લીમખેડા :** લીમખેડા તાલુકામાં આવેલી આંતરસુબા પ્રાથમિક શાળા દ્વારા 10 બેગ લેસ દિવસ કાર્યક્રમ અંતર્ગત પ્રી-વોકેશનલ પ્રવૃત્તિ દ્વારા બાળકોમાં કૌશલ્ય વિકસાવવા માટે તેમજ ગુજરાતના આદરણીય રાજ્યપાલ શ્રી આચાર્ય દેવ્રતજી અને કેબિનેટ કક્ષાના શિક્ષણમંત્રી શ્રી કુબેરભાઈ ડીંડોર રાજ્યકક્ષાના શિક્ષણમંત્રી પ્રફુલભાઈ પાનસેરીયા તેમજ અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના અધ્યક્ષ ભીખાભાઈ પટેલ દ્વારા જૈવિક ખેતીની સમજ બાળકોને નિદર્શનની રીતે વિકસાવી જોઈએ એ બાબતે સૂચન કરવામાં આવ્યું હતું.

---

**ચાર્જશીટમાં 7 બેન્કોના 200 જેટલા સ્ટેટમેન્ટ સામેલ, પુરાવા એકઠા કરવા પોલીસે ત્રણ મહિના પરસેવો પાડ્યો**

# દાહોદ નકલી કચેરી કૌભાંડની 3434 પાનાની ચાર્જશીટ દાખલ

**નકલી** બાબુઓએ અસલી કચેરીઓના અસલી બાબુઓ સાથે મળીને રોકડી કરવાની તરકીબ ઘડી હતી

**વિવિધ** બેંક એકાઉન્ટના ૨૦૦ જેટલા સ્ટેટમેન્ટ સહિત અન્ય દસ્તાવેજો પુરા પાડ્યા

(પ્રતિનિધી) દાહોદ, તા.11

છોટાઉદેપુરમા નકલી કચેરી કૌભાંડનો પર્દાફાશ થયો હતો.તેની પ્રાથમિક તપાસ શરુ થતાની સાથે જ આ કૌભાંડનો રેલો દાહોદ સુધી પહોંચતા જિલ્લાના સરકારી તેમજ રાજકીય આલમમા ભૂકંપ આવ્યો હતો.કારણ કે છોટાઉદેપુરના જ ભેજાબાજોએ દાહોદ જિલ્લામા એક બે નહી પરંતુ એક સાથે 6 સિંચાઈ વિભાગની નકલી કચેરીઓ ખોલીને જે તે સમયે 100 કામો મંજૂર કરાવી 18.59 કરોડનું કૌભાંડ આચર્યુ હોવાનો ભંડાફોડ થયો હતો. જેની પોલીસ ફરિયાદ 10-11-2023ના રોજ નોંધાવાઈ હતી.નકલી કચેરીના નકલી બાબુઓએ અસલી કચેરીઓના અસલી બાબુઓ સાથે મળીને રોકડી કરી લેવાની એક પછી એક કડીઓ મળતા પોલીસે ધરપકડનો દોર શરુ કર્યો હતો. જેમાં 7 સરકારી બાબુઓ કે જેમાં પૂર્વ આઈએએસ ઓફિસર અને તત્કાલીન પ્રાયોજના વહીવટદાર તેમજ નાની સિંચાઈ વિભાગના કાર્યપાલક ઈજનેરનો સમાવેશ થાય છે.

તેવી જ રીતે નકલી કચેરીઓના માસ્ટર માઈન્ડ સહિત અડધો ડઝન મળતિયાઓ પણ જેલની હવા ખાઈ રહ્યા છે.સૌથી પહેલી ધરપકડ નકલી ઈજનેર બનીને ખેલ પાડનાર સંદીપ રાજપૂતની થઈ હતી.પોલીસે જે તે સમયે 130 જેટલા બેન્ક એકાઉન્ટની તપાસ હાથ ધરી હતી અને તેમાંથી 70 જેટલા બેન્ક એકાઉન્ટ ફ્રીઝ કરવામા આવ્યા હતા અને લેવડ દેવડની તપાસ હાથ ધરવામા આવી હતી.

આવા વિવિધ બેન્ક એકાઉન્ટના 200 જેટલા સ્ટેટમેન્ટ સહિત અન્ય દસ્તાવેજી પુરાવા તેમજ અન્ય જવાબો મળી કુલ 3434 પાનાની ચાર્જશીટ દાહોદ પોલીસ દ્વારા કોર્ટમા દાખલ કરવામા આવી છે.હવે કોર્ટ કેસને બોર્ડ પર લાવશે ત્યારે સરકારી વકીલો અને આરોપીના વકીલો વચ્ચે દલીલો શરુ થશે.

**નકલી કચેરી કૌભાંડના કેસમાં સંડોવાયેલા આરોપીઓ**

- સરકારી બાબુઓ
- બી.ડી.નિનામા
- વિશ્વદીપસિંહ ગોહિલ(વોન્ટેડ)
- ઈશ્વર કોલચા
- મયુર પરમાર
- પ્રદીપ મોરી
- ગીરીશ પટેલ
- સતિષ પટેલ
- પુખરાજ રોઝ
- ભેજાબાજો
- અબુબકર સૈયદ
- સંદીપ રાજપૂત
- અંકિત સુથાર
- એઝાઝ સૈયદ
- ડો સેફઅલી સૈયદ
- નરોત્તમ પરમાર
- વસીમુદ્દીન સૈયદ(વોન્ટેડ)

**પિક્ચર અભી બાકી હૈ મેરે દોસ્ત**

દાહોદ પોલીસે ત્રણ મહિનાની તપાસના અંતે 3 હજાર કરતા વધારે પાનાની ચાર્જશીટ કોર્ટમા દાખલ કરી દીધી છે.જો કે એવી માહિતી પણ પ્રાપ્ત થઈ છે કે તપાસ પૂર્ણ કરવામા આવી નથી અને તપાસ આગળ ચાલુ જ રહેશે.જેથી કોઈ એમ મનમા મલકાતુ હોય કે ચાર્જશીટ થઈ ગઈ છે ને આપણે બચી ગયા તો એ ભુલ ભરેલુ પણ હોઈ શકે છે.

**કૌભાંડનુ કદ વધીને 25 કરોડ થયુ**

દાહોદ જિલ્લામાં 6 નકલી કચેરીઓ ખોલીને જે તે સમયે 100જેટલા કામો મંજૂર કરાવ્યા હતા.તેના પેટે 18.59 કરોડ રુપિયાની સરકારી ગ્રાન્ટ મંજૂર કરાવી બોગસ કચેરીઓના ખાતામા જમા કરાવી લીધા હોવાની પોલીસ ફરિયાદ નોંધાવાઈ હતી. ત્રણ મહિનામા પોલીસે જે તપાસ કરી તેમાં ભેજાબાજોએ 100 નહીં પરંતુ 121 કામો મંજૂર કરાવ્યા હતા.અને તેના પેટે રુ.25,66,77,651 રુની સરકારી ગ્રાન્ટ લીધી હોવાનો પર્દાફાશ થયો છેહવે કોર્ટ કેસને બોર્ડ પર લાવશે ત્યારે સરકારી વકીલો અને આરોપીના વકીલો વચ્ચે દલીલો શરુ થશે.

---

**છોટાઉદેપુર ડોલોમાઇટ પથ્થરની બંધ લિઝમાં ગેરકાયદેસર ખોદકામ જૈસેથે**

## ખાણ-ખનિજ વિભાગે ગેરકાયદે ખોદકામ કરતા 4 હિટાચી ઝડપ્યા

(પ્રતિનિધી) છોટાઉદેપુર, તા.11

છોટાઉદેપુર તાલુકાના દડીગામ ખાતે તા 7/2/24 ના રોજ ખાણ ખનીજ વિભાગ દ્વારા આકસ્મિક તપાસ હાથ ધરવામાં આવી હતી. જેમાં ડોલોમાઈટ ખનીજ પથ્થરની બંધ લિઝમાંથી ડોલોમાઈટ પથ્થરનું બિન અધિકૃત ખનન કરવામાં આવતું હોય 4 જેટલા હિટાચી મશીન ખાણ ખનીજ વિભાગે ઝડપી પડ્યા હતા. અને 1 કરોડ 60 લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. જ્યારે ખાણ ખનીજ વિભાગ દ્વારા આકસ્મિક સપાટો બોલાવતા સમગ્ર ડોલોમાઈટ પથ્થરના માફિયાઓમાં ફફડાટ ફેલાઈ ગયો હતો.




અત્રે ઉલ્લેખનીય છે કે છોટાઉદેપુર તાલુકામાં ઘણી બધી ડોલોમાઈટ પથ્થરની બંધ પડેલી લિઝ આવેલી હોય જેમાં ઘણીવાર ગેરકાયદેસર ખોદકામ થતું હોય તેવી ચર્ચા ચાલતી હોય છે જે અંગે ખાણ ખનીજ વિભાગે આકસ્મિક તપાસ હાથ ધરતા છોટાઉદેપુર ના દડીગામ ખાતે આવેલી પથ્થરની બંધ પડેલી લીઝમા ગેરકાયદેસર પથ્થરનું ખોદકામ થતું હોય ઘટના સ્થળે ડોલોમાઈટ પથ્થર ખોદતા ચાર હિટાચી મશીન ખાણખનીજ વિભાગે ઝડપ્યા હતા. જ્યારે બિનઅધિકૃત ખાણ કામની માપણી કરી નિયમો અનુસાર કાર્યવાહી હાથ ધરવામાં આવી છે તેમ ભૂસ્તરશાસ્ત્રી નરેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું. છોટાઉદેપુર પંથકમાં આવેલી ડોલામાઈટ પથ્થરની ઘણી બંધ પડેલી ખાણોમાં ગેરકાયદેસર રીતે ખોદકામ થતું હોય તેવી ચર્ચાઓ ઘણા સમયથી ચાલી રહી હતી જ્યારે ટોલોમાઈટ પથ્થર માફિયાઓ બેફામ પથ્થરો ખોદી બંધ પડેલી ખાણોમાંથી પથ્થર કાઢી વગે કરતા હોય તેવી ગંધ સમગ્ર વિસ્તારમાં ફેલાઈ છે.

જે અંગે ખાણ ખનીજ વિભાગ આકરા પાણીએ તપાસ હાથ ધરી રહ્યું છે તારીખ 7 ફેબ્રુઆરીના રોજ દડી ગામ ખાતે આકસ્મિક તપાસ દરમિયાન ગેરકાયદેસર ખોદકામ કરતા ચાર હિટાચી મશીન અને રૂપિયા 1 કરોડ 60 લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

### દાહોદના ખરોડ ગામે ચાર સામે મારામારીની ફરિયાદ

(પ્રતિનિધી) દાહોદ, તા.11

ગત તા.૧૦મી ફેબ્રુઆરીના રોજ દાહોદ તાલુકાના છાપરી ગામે તળાવ ફળિયામાં રહેતાં રમણભાઈ સુરપાળભાઈ મેડા, કાનોભાઈ રમણભાઈ મેડા તથા ભરતભાઈ રૂપાભાઈ ભાભોરનાઓએ એકસંપ થઈ ગેરકાયદેસર મંડળી બનાવી પોતાની સાથે હાથમાં પથ્થરો લઈ ખરોડ ગામે સડક ફળિયામાં આવ્યાં હતાં અને જ્યાંથી પસાર થઈ રહેલા દિનેશભાઈ તથા વિનુભાઈનાઓને રસ્તામાં રોકી બેફામ ગાળો બોલી પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે દિનેશભાઈ તથા વિનુભાઈ સાથે ઝઘડો તકરાર કર્યો હતો અને એકદમ ઉશ્કેરાઈ જઈ બંન્નેને પકડી પાડી પથ્થર વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી દિનેશભાઈ અને વિનુભાઈને માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકી આપી હતી.

**ચેક બાઉન્સ થતા આરોપીને એક વર્ષની કેદ**

## નસવાડી સ્ટેટ બેંકમાંથી હાઉસિંગ લોન લઈ નહિ ભરનાર સામે કાર્યવાહી

**આરોપીને** 1,80,000 નો દંડ અને એક વર્ષની સાદી કેદની સજા ફટકારાતા ડિફોલ્ટરોમાં ફફડાટ

(પ્રતિનિધી) નસવાડી, તા.11

નસવાડી તાલુકામાં સ્ટેટબેંક માંથી લોન લઈને નહિ ભરનારા લોકો સામે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે જયારે નસવાડી ગામ ના રહેવાસી જશવંતભાઈ ભુલાભાઈ પરમાર જે હાલ નર્મદા જિલ્લાના ગેગડિયા ખાતે રહે છે તેઓએ નસવાડી ખાતે આવેલ સ્ટેટબેંક માંથી હાઉસિંગ લોન અને ટર્મ લોન લીધેલ હતી તેના હપ્તા ની રકમ માટે સેવિંગ ખાતા ના 180000/- ના ચેક આપ્યા હતા જે ચેક સ્ટેટબેંક ઓફ ઈન્ડિયા એ સેવિંગ ખાતા માં નાખતા તે ચેક રિટર્ન થયા હતા જેને લઈને નસવાડી સ્ટેટ બેન્ક ના મેનેજર નસવાડી ખાતે આવેલ જ્યુડીસલ ફર્સ્ટકલાસ મેજિસ્ટેટ કોર્ટ માં ફરિયાદ કરતા આખો કેસ નસવાડી કોર્ટ માં ચાલતા નસવાડી કોર્ટે ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ 255 ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ ની કલમ 1981 ની કલમ 138 મુજબ કેસ ચાલી જતા જસવંતભાઈ ભુલાભાઈ પરમાર ને રૂપિયા 180000/- મૂળ રકમ અને 180000/- દંડ આમ કુલ 360000/- નો દંડ ભરવાનો હુકમ જ્યુડીસલ ફર્સ્ટકલાસ મેજિસ્ટેટ ભાવેશભાઈ ગોવિંદભાઈ સોલંકી હુકમ કર્યો છે . અને એક વર્ષ ની સાદી કેદ ની સજા નો હુકમ કરતા લોન લઈને રકમ ના ભરનારા લોકો માં ફફડાટ વ્યાપી ગયો છે નસવાડી કોર્ટ માં ઝડપ થી ન્યાય મળતા લોકોમાં ખુશી વ્યાપી છે

---

**છોટાઉદેપુર નગરમાં બાઈક ચોરોનો વધતો ત્રાસ**

## નગરના ભરચક વિસ્તારમાંથી બાઈક ઉઠાવી ગઠિયો ફરાર

(પ્રતિનિધી) છોટાઉદેપુર, તા.11

છોટાઉદેપુર નગરમાં બાઈક ચોરાનો ત્રાસ વધી ગયો છે મોટરસાયકલની સલામતી રહી નથી રાત્રિના સમયે ગઠિયાઓ ઓળખાય નહિ તેમ મોઢા ઉપર બુકાની બાંધીને આવતા હોય અને બાઈક ચોરી કરી લઈ જતા હોય તેમ સી સી ટી વી કેમેરામાં જોવાઇ રહ્યું છે.

જ્યારે મકાન માલિકો ના વાહનોની કોઈ સેફટી રહી નથી ગત તારીખ 8 ફેબ્રુઆરી રાત્રિના સમયે 3:00 થી 4:00 વાગ્યાના દરમિયાન છોટાઉદેપુર ગુરુકૃપા વિસ્તારમાંથી બે મોટરસાયકલ ઉઠાવવાનો પ્રયાસ ગઠિયાઓએ કર્યો હોય જેમાંથી એક મોટરસાયકલ ચોરી જવામાં સફળ રહ્યા હતા. છોટાઉદેપુર નગરમાં રાત્રિના સમયે પ્રજાની મોટરસાયકલોની સલામતી રહી નથી ગતરોજ ગુરુકૃપા સોસાયટી સિલ્વર સ્પૂન હોટલની પાછળના ભાગમાં રહેતા વીણાબેન મુકેશભાઈ પંડ્યા ના ઘર આંગણે થી તેઓની મોટરસાયકલ ચોરાઇ ગઈ હતી. જે ઘટના બનતા સમગ્ર ગુરુકૃપા વિસ્તારમાં ચકચાર મચી ગયો હતો અને રહીશોમાં રોષ જોવા મળ્યો હતો. જ્યારે પોલીસ તંત્ર વહેલી તકે આ બાઈક ચોરોને ઝડપી પાડે તેવી પ્રજા અપેક્ષા રાખી રહી છે રાત્રિના સમયે અજાણ્યા ઈસમો નગરમાં આંટા ફેરા કરતા હોય તેવા તત્વો ઉપર કાર્યવાહી કરી અટકાવવામાં આવે તેવી પ્રજાની માંગ ઉઠી છે.

### દાહોદના ફતેપુરા તાલુકાના ઘુઘસ ખંટા ગામની સગીરાનુ અપહરણ

(પ્રતિનિધી) દાહોદ, તા.11

દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાના ઘુઘસ ખંટા ગામેથી એક ૧૭ વર્ષિય સગીરાને એક યુવક દ્વારા પત્નિ તરીકે રાખવા સારૂં અપહરણ કરી લઈ નાસી ગયાંનું જાણવા મળે છે.

ગત તા.૦૫મી ફેબ્રુઆરીના રોજ રાજસ્થાનના બાંસવાડા જિલ્લાના ગાંગડતલાઈ ગામે છકણી છાપરા ગામે રહેતો પંકજભાઈ પુનાભાઈ દામાએ ફતેપુરા તાલુકામાં રહેતી એક ૧૭ વર્ષિય સગીરાને પ્રેમના પાઠ ભણાવી, લગ્નની લાલચ આપી પત્નિ તરીકે રાખવા સારૂં અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે સગીરાના પિતાએ ફતેપુરા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### કાલોલ નગરપાલિકાના વોર્ડ નંબર પાંચમાં પ્રાથમિક સુવિધાના અભાવે સ્ટ્રીટ લાઇટો બંધ



કાલોલ : કાલોલ નગરપાલિકા વોર્ડ નંબર પાંચ માં આવેલ કાશીમાબાદ સોસાયટી કે જેમા મુખ્યત્વે ૨૦૦૨ ના દંગા માં વિસ્થાપિત થયેલા પરિવારો રહે છે. આ વિસ્તારમાં મુખ્યત્વે સાફસફાઇ લઇને સમસ્યા અને થાંભલાઓ ઉપર નાખેલી અમુક સ્ટ્રીટ લાઈટો બંધ હાલતમાં છે તે નગરપાલિકા ને વારંવાર મૌખિક તેમજ તારીખ ૨૦/૦૧/૨૦૨૪ રોજ ફરિયાદ બોક્સમાં લખી છે છતાં વીસ દિવસ વીત્યા પછી પણ અમુક બંધ હાલતમાં સ્ટ્રીટ લાઈટ ચાલુ કરવામાં આવી નથી ગંદકી પારાવાર છે આ વિસ્તારના જાગૃત નાગરિક દ્વારા નગરપાલિકાના સેનેટરી ઇન્સ્પેક્ટર મયુરભાઇ ગોહિલને મૌખિક રજૂઆત કરતા તાત્કાલિક સફાઇ કર્મચારીઓને સ્થળ પર મોકલી સાફસફાઇ કરાવી કચરો ભરાવી દીધું પરંતુ વિસ્તારના 10 થી 12 સ્ટ્રીટ લાઈટો બંધ હાલતમાં છે

---

**સ્માર્ટ સિટી દાહોદમાં રખડતા પશુઓનો ત્રાસ યથાવત રહેતા નાગરિકો પરેશાન, અકસ્માતનો ભય**

## દાહોદમાં જાહેર માર્ગો ઉપર આખલા યુદ્ધ થતા લોકોના જીવ જોખમમાં મૂકાય છે

**અનેકવાર** રખડતા પશુઓએ વાહનચાલકોને અડફેટે લીધા છે

(પ્રતિનિધી) દાહોદ, તા.11

1000 કરોડના ખર્ચે દાહોદને સ્માર્ટ સિટી બનાવવા જઈ રહ્યા છે દાહોદના સ્માર્ટ સિટીનું ડેવલપમેન્ટ નું કામ પણ શરૂ કરી દેવામાં આવ્યું છે ત્યારે દાહોદ સ્માર્ટ સિટીના કથળતા દશ્યો સામે આવી રહ્યા છે દાહોદ સ્માર્ટ સિટીમાં રખડતા પશુઓનો ત્રાસ જોવા મળી રહ્યો છે શહેરના ભરચક વિસ્તારોમાં



રખડતા પશુઓનો ત્રાસ જોવા મળી રહ્યો છે એક તરફ વહીવટી તંત્ર દાહોદની સ્માર્ટ સિટી તરફ આગળ વધારી રહ્યું છે દાહોદ નગરપાલિકા પણ દાહોદ સ્માર્ટ સિટી બનાવવા માટે આ થાક મહેનત કરી રહી છે પણ ક્યાંક ને ક્યાંક રખડતા પશુઓના કારણે દાહોદ સ્માર્ટ સિટી લાગી નથી રહી શહેરના અવરજવર કરતા મુખ્ય માર્ગો પર પશુઓનો જમાવડો જોવા મળી રહ્યો છે રખડતા પશુઓના કારણે અનેકવાર અકસ્માતો પણ થતા રહે છે દાહોદ સ્માર્ટ સિટીના રસ્તા ઉપર અનેક વાર આંખલાઓના યુદ્ધ ના વિડીયો પણ વાયરલ થતા રહ્યા છે અનેક વખત લોકોના વાહનોને નુકસાન પણ પહોંચી રહ્યા છે ત્યારે દાહોદ સ્માર્ટ સિટીમાં રખડતા ઢોર ને પકડવા માટે કાર્યવાહી કેમ કરવામાં આવતી નથી તેવું લોકોમાં ચર્ચાનો વિષય બની રહ્યો છે શહેરના સ્ટેશન વિસ્તારમાં રખડતા ઢોરોનો જમાવડો જોવા મળી રહ્યો છે અનેકવાર રખડતા ઢોરો જે છે તે લોકોને લેતા રહે છે વાહન ચાલકોને પણ રખડતા ઢોરોનો ડર રહેલો છે અનેકવાર આખલા યુદ્ધમાં લોકોને નુકસાન પણ પહોંચ્યું છે.

### જેસાવાડા પોલીસે વજેલાવ ગામેથી વિદેશી દારૂ સાથે બે બુટલેગર પકડાયા

દાહોદ : જેસાવાડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન તેમને બાતમી મળી હતી કે વજેલાવ ગામની સીમમાં અમુક ઈસમો વિદેશી દારૂની હેરાફેરી કરી રહ્યા છે જે બાતમીના આધારે જેસાવાડા પોલીસે રેડ કરી ભારતીય બનાવટના વિદેશી દારૂ પેટી નંગ 28 જેની કિંમત રૂપિયા 80, 640 તથા દારૂની હેરાફેરી માટે ઉપયોગમાં લીધેલ બોલેરો મેટ્રિક પ્લસ ગાડી, તેમજ મારુતિ ઈકો ગાડી, અને બે મોટરસાયકલ મળી નેલસુર ના શૈલેષભાઈ કિશનભાઈ વડક તેમજ જેસાવાડા ના અલ્કેશભાઈ સડિયા ભાઈ કટારાને ઝડપી પાડી કાર્યવાહી કરાઈ રહી છે.


**જાહેર નોટીસ**

અમો આથી આ જાહેર નોટીસ આપનાર ગોવિંદલાલ શાહના વારસદાર જતીનકુમાર ગોવિંદલાલ શાહ, રહે. ઠે. ફાટી પોળ. ઉમરેઠ. તા. ઉમરેઠ. જી. આણંદનાઓ આથી જાહેર જનતાને તથા લાગતા વળગતાઓ ને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે ગામ ઉમરેઠમાં આવેલ સીટી સવે નંબર ૫૬૭૦ વાળી મીલ્કતમાં ગોવિંદલાલ તેમના પરીવાર સાથે ૫૫ વર્ષ ઉપરાંતથી ભાડુઆતના હક્કથી રહેતા હતા, અને અમો નોટીસ આપનાર તેમના વારસદાર હાલ ભાડુઆત હકકથી રહીએ છીએ અને કબજો ભોગવટો પણ અમારો છે. સદર મીલ્કત વષો જુની જર્જરીત હોવાથી અને રાહદારીઓને કોઈ નુકસાન થાય નહીં તે માટે ઉમરેઠ નગરપાલીકા તરફથી અમોને મકાન ઉતારી લેવા માટે નોટીસ આપવામાં આવેલ હતી. જે કારણે ઉપરોકત મીલ્કત અમો અમારા ખર્ચે ઉતારીને નવિન બનાવી રહયા છીએ. જેથી અમારા ઘરના સભ્યોને પણ નુકસાન કે જાનહાની થાય નહીં. જેથી આ અંગે જો કોઈ ઈસમને અગર માલીકને વાંધો વિરોધ હોય તો દીન સાતમા અમોને જાણ કરવી અન્યથા જો કોઈનો વાધો વિરોધ નહીં આવે તો આ અંગે કોઈ ને વાધો નથી તેમ માની અમો મકાનની આગળની કાર્યવાહી હાથ ધરીશુ જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

સહી/-જતીનકુમાર ગોવિંદલાલ શાહ

મારી મારફતે: મૌલિક અરવિંદભાઈ પટેલ (એડવોકેટ), મો.9723263325, ઠે.ધોબી ફળીયા, દરજીવાડના નાકે, મુ.ઉમરેઠ-388220, તા.ઉમરેઠ, જી.આણંદ